# ગોધરા-અમદાવાદ હાઈવે પર બે ટ્રકો વચ્ચે અકસ્માત થતા ભીષણ આગ લાગી, એકનું મોત

**ડિવાઈડર** કૂદીને ટ્રક સામેથી આવતી ટ્રક સાથે અથડાઈ

**કેબિનનો** કચ્ચરઘાણ નીકળ્યો, આખું વાહન બળીને ખાખ





(પ્રતિનિધિ) ગોધરા, તા.9

પંચમહાલ જિલ્લાના ગોધરા-અમદાવાદ હાઈવે પર આજે વહેલી સવારે ડોક્ટરના મુવાડા ગામ પાસે એક કાળજું ધ્રુજાવી દેનારો અકસ્માત સર્જાયો હતો. બે ટ્રકો વચ્ચે થયેલી સામસામે ટક્કરમાં ભીષણ આગ ફાટી નીકળતા એક ટ્રક ચાલકનું કેબિનમાં જ જીવતું ભડથું થયું હતું. આ પ્રચંડ અકસ્માતમાં બંને વાહનોના કેબિનનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, આજે વહેલી સવારે આઈસ્ક્રીમ ભરીને એક ટ્રક જઈ રહી હતી. આ દરમિયાન સામેથી આવી રહેલી અન્ય એક ટ્રક સાથે તેની ધડાકાભેર ટક્કર થઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બંને ટ્રકમાં તુરંત જ ભીષણ આગ લાગી ગઈ હતી.

અકસ્માત બાદ ટ્રકના કેબિનનો લોખંડી કચ્ચરઘાણ નીકળી ગયો હતો. આગની જ્વાળાઓએ જોતજોતામાં આખા કેબિનને લપેટમાં લઈ લીધું હતું. આ અકસ્માતમાં એક ટ્રકના ડ્રાઈવરને બહાર નીકળવાની તક મળે તે પહેલા જ તે આગમાં ફસાઈ ગયો હતો અને તેનું કરુણ મોત નીપજ્યું હતું. અન્ય એક ટ્રક રસ્તાની સાઈડમાં પલટી મારી ગઈ હતી.

ઘટનાના પગલે સ્થાનિક લોકો મોટી સંખ્યામાં દોડી આવ્યા હતા અને ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ગોધરા ફાયર ફાઈટરોની ટીમે ઘટનાસ્થળે પહોંચી ભારે જહેમત બાદ આગ પર કાબુ મેળવ્યો હતો. અકસ્માતના કારણે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી.

# કાલોલ પોલીસ સાથે બબાલ કરનાર આરોપીના રેગ્યુલર જામીન ફગાવાયા

**કોર્પોરેટર** સહિત ચાર મહિલાઓ હજુ ફરાર



(પ્રતિનિધિ) કાલોલ, તા.9

મંગળવારે કાલોલ કોર્ટ પાસે તથા ત્યારબાદ કાલોલ પોલીસ સ્ટેશનમાં પોલીસ સાથે થયેલી બોલાચાલી અને ઝપાઝપીના મામલે મહત્વપૂર્ણ કાર્યવાહી સામે આવી છે. મહિલા કોર્પોરેટર જ્યોત્સનાબેન બેલદાર અને તેમના પરિવારજનો દ્વારા પીઆઈ આર.ડી. ભરવાડ તથા પોલીસ સ્ટાફ સાથે થયેલી બબાલ દરમિયાન મહિલા કોન્સ્ટેબલના હાથમાં ફ્રેક્ચર આવ્યું હતું તેમજ બે મહિલા કોન્સ્ટેબલને ઈજાઓ પહોંચી હતી. આ મામલે ફરિયાદ નોંધાયા બાદ આરોપી પ્રતીક સુરેન્દ્રભાઈ જોશીની અટકાયત કરવામાં આવી હતી.

આ પહેલા કાલોલ પોલીસે પ્રતીક જોષીને સાથે રાખીને ઘટનાનું રિકન્સ્ટ્રક્શન કરાવ્યું હતું. ત્યારબાદ તેને કાલોલ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો, જ્યાં આરોપી તરફથી તેના વકીલ દ્વારા રેગ્યુલર જામીન અરજી દાખલ કરવામાં આવી હતી. આ અરજી પર બંને પક્ષોની દલીલો બાદ ગુરુવારે સવારે કાલોલ કોર્ટના સિનિયર સિવિલ જજ અને એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ એફ.બી. પઠાણે જામીન અરજી ફગાવી દીધી હતી.

આ તરફ, આ ઘટનામાં સંડોવાયેલી મહિલા કોર્પોરેટર જ્યોત્સનાબેન બેલદાર સહિત ચાર મહિલાઓ હજુ પોલીસ પકડથી દૂર હોવાનું જાણવા મળ્યું છે. કાલોલ પોલીસે ફરાર આરોપી મહિલાઓની ધરપકડના ભાગરૂપે તેમના નિવાસસ્થાને તપાસ હાથ ધરી હતી, પરંતુ તેઓ ત્યાં મળી ન આવતા હોવાનું પોલીસ સૂત્રોએ જણાવ્યું છે. હાલ પોલીસે ફરાર આરોપીઓની શોધખોળ ઝડપી બનાવી છે.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

## ગતિવિધિ

### દાહોદથી જય સોમનાથ સ્વાભિમાન પર્વ અંતર્ગત ભક્તો રવાના




**દાહોદ,** જય સોમનાથ સ્વાભિમાન પર્વના પાવન અવસરે દાહોદ ખાતેથી આજે સાડા ત્રણસો કરતાં વધુ ભક્તો જય સોમનાથ, હર હર મહાદેવના ગગનભેદી નારાઓ સાથે બસ મારફતે સોમનાથ દર્શન માટે રવાના થયા હતા. આ પાવન યાત્રાને ભારતીય જનતા પાર્ટીના આગેવાનો, દાહોદના ધારાસભ્ય સહિતના અગ્રણીઓ દ્વારા વડોદરા ખાતે અને વડોદરા થી રેલ માર્ગે સોમનાથ પહોંચવા લીલી ઝંડી આપી ભવ્ય વિદાય આપવામાં આવી હતી. ત્યારબાદ ભક્તો રેલ માર્ગે સોમનાથ પહોંચવાના છે. ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરવા તેમજ સનાતન ધર્મને પુન: આસ્થાના કેન્દ્રરૂપે સ્થાપિત કરવાની ભાવના સાથે સોમનાથ ખાતે આયોજિત સ્વાભિમાન પર્વમાં ભાગ લેવા સમગ્ર દેશમાંથી ભક્તો ઉમટી રહ્યા છે. આમાં દાહોદ ખાતેથી પણ આશરે 350થી વધુ ભક્તોએ સ્વયંભૂ રીતે સોમનાથ યાત્રામાં જોડાવાનો સંકલ્પ લીધો હતો.

### કાલોલમાં સોમનાથ સ્વાભિમાન પર્વની ભવ્ય ઉજવણી કરાઇ



**કાલોલ,** સોમનાથ મહાદેવને એક હજાર વર્ષ પૂર્ણ થતા ત્રણ દિવસ સતત આ ઉજવણી કરવામાં આવશે જેના ભાગરૂપે પંચમહાલના સાંસદ રાજપાલસિંહજી જાદવ ની ઉપસ્થિતિમાંકાલોલ નગરમાં આવેલ સિધ્ધનાથ મહાદેવમાં ભારતની અતૂટ આસ્થાના 1000 વર્ષનો ઉત્સવ સોમનાથ સ્વાભિમાન પર્વ ના ભાગરૂપે ઉજવવામાં આવ્યો ક્રૂર વિદેશી હુમલાખોરોના અત્યાચારોની જીદ સામે ભગવાન સોમેશ્વરના અગણિત ભક્તોના સંકલ્પનું પ્રતીક સોમનાથ મહાદેવ ના યાદગીરી રૂપે આ પર્વ ઉજવવામાં આવી રહ્યો છે સિધ્ધનાથ મહાદેવ કાલોલમાં સાંસદ રાજપાલસિંહજી દ્વારા આરતી ઉતારી મહાદેવ મંદિરમાં ભજન કરી ઢોલક વગાડી આ પર્વની રંગે ચંગે ઉજવણી કરવામાં આવી હતી જેમાં માજી જિલ્લા પ્રમુખ અશ્વિનભાઈ પટેલ,ઉપાધ્યક્ષ ડોક્ટર યોગેશ પંડ્યા,તાલુકા હોદ્દેદારોમાં નરેન્દ્રસિંહ ગોહીલ, મંડળ પ્રમુખ મહિપતસિંહ ગોહિલ,શહેર પ્રમુખ કલ્પેશભાઈ પારેખ, હરિકૃષ્ણભાઈ પટેલ,યુવરાજસિંહ રાઠોડ, આશિષભાઈ સુથાર,સેફાલી ઉપાધ્યાય, મહામંત્રી અલ્પેશભાઈ પ્રતિકભાઇ, વિરેન્દ્રસિંહ અને અન્ય સંગઠનના હોદ્દેદારો માં પાર્થ કનોજીયા, મોન્ટુ ગોસાઈ અને અન્ય સંગઠનના હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા.

### એથ્લેટિક્સ સ્પર્ધાઓમાં ટાઢાગોળા શાળાની બાળકીએ રાજ્યમાં તૃતીય સ્થાન મેળવ્યું




લીમખેડા. ચિલ્ડ્રન રિસર્ચ યુનિવર્સિટી ગાંધીનગર આયોજિત 2026, સીધી રાજ્યકક્ષાની લોન ટેનિસ બોલ થ્રો એથ્લેટિક્સ સ્પર્ધામાં અંડર - 11 માં ગુરુ ગોવિંદ લીમડી તાલુકામાં આવેલી ટાઢાગોળા પ્રાથમિક શાળાની બાલિકા જાન્વીબેન સંદીપભાઈ મકવાણા એ સમગ્ર રાજ્યમાં તૃતિય નંબર પ્રાપ્ત કરી સમગ્ર દાહોદ જિલ્લાનું,પોતાની શાળા તથા ગામનું અને પોતાના ગુરુ ગોવિંદ લીમડી તાલુકાનું નામ રોશન કરવા બદલ શાળા પરિવાર અને શિક્ષણ વિભાગ તરફથી દીકરીને ખૂબ-ખૂબ અભિનંદન સાથે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ઝાલોદ-સુખસર માર્ગે રાજપુર વળાંક પર અકસ્માત, નરેગા કર્મીનું ઘટનાસ્થળે જ મોત



(પ્રતિનિધિ) ઝાલોદ, તા.9

ઝાલોદ તાલુકાના ઝાલોદ-સુખસર માર્ગ પર આવેલા રાજપુર વળાંક પાસે આજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર નરેગા વિભાગમાં ટેકનિકલ આસિસ્ટન્ટ તરીકે ફરજ બજાવતા 39 વર્ષીય જતીનભાઈ મછારનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ, બાઈક નં. GJ-06-FH-5863 લઈને જતીનભાઈ ઝાલોદથી સુખસર તરફ જઈ રહ્યા હતા તે દરમિયાન રાજપુર વળાંક પાસે સામસામે આવતા અજાણ્યા વાહન સાથે જોરદાર ટક્કર થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અકસ્માત એટલો ગંભીર હતો કે બાઈક સવારને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

અકસ્માતની જાણ થતા તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ દ્વારા જતીનભાઈને નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. ઘટનાની જાણ થતાં ડી.વાય.એસ.પી. ડી.આર. પટેલ તથા પી.આઈ. રવિ ગામીતે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. પોલીસે અકસ્માતના કારણો અંગે વધુ તપાસ શરૂ કરી છે. નરેગા વિભાગના કર્મચારીના અચાનક અવસાનથી ઝાલોદ અને આસપાસના વિસ્તારમાં ભારે શોકની લાગણી વ્યાપી ગઈ છે.

# દાહોદના લીમડી પોલીસ લાઈનમાં ધોળે દહાડે ચોરી

**મહિલા** કોન્સ્ટેબલના રૂમમાંથી રૂ.1.28 લાખના દાગીના ઉડ્યા




(પ્રતિનિધિ) ઝાલોદ, તા.9

લીમડી પોલીસ લાઈનમાં ધોળે દહાડે તસ્કરો ત્રાટક્યા હોવાની ચકચારી ઘટના સામે આવી છે. લીમડી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને પોલીસ લાઈનમાં રૂમ નંબર 20 માં રહેતા મહિલા પોલીસ કોન્સ્ટેબલ રેખાબેન દીપાભાઈ પારગીના બંધ રૂમનું તાળું ખોલી તસ્કરોએ ઘરફોડ ચોરી આચરી હતી.

ગત તા.9મી ડિસેમ્બરના રોજ વહેલી પરોઢે પાંચ વાગ્યાથી સવારના સાડા અગિયાર વાગ્યા દરમિયાન આ ચોરીની ઘટના બની હતી. તસ્કરો કોઈ ચાવી અથવા હથિયારની મદદથી રૂમમાં પ્રવેશ્યા હતા અને બેડરૂમના કબાટમાંથી સોનાં-ચાંદીના દાગીના ચોરી ફરાર થઈ ગયા હતા. ચોરી ગયેલા દાગીનામાં રૂ. 1,08,000ની કિંમતના સોનાના દાગીના તેમજ રૂ. 20,250ની કિંમતના ચાંદીના દાગીના મળી કુલ રૂ. 1,28,250ની મત્તાનો સમાવેશ થાય છે. આશ્ચર્યજનક રીતે, આ ઘટનાની ફરિયાદ એક માસ બાદ પોલીસમાં નોંધાઈ હોવાનું જાણવા મળ્યું છે. પોલીસના આવાસો જ અસલામત બનતા લીમડી શહેરમાં સુરક્ષા વ્યવસ્થાને લઈને ગંભીર પ્રશ્નો ઉઠ્યા છે.

# યાત્રાધામ પાવાગઢ શક્તિપીઠમાં યજ્ઞશાળાનું ભવ્ય લોકાર્પણ કરાયું



(પ્રતિનિધિ) હાલોલ, તા.9

પંચમહાલ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ પાવાગઢ શક્તિપીઠ ખાતે આજે તા. 9 જાન્યુઆરી 2026ના રોજ નવી નિર્મિત યજ્ઞશાળાનું ભવ્ય લોકાર્પણ કરવામાં આવ્યું. શાસ્ત્રો અને વેદ-પુરાણના વિદ્વાન શાસ્ત્રીઓ દ્વારા યજ્ઞશાળાનું કાર્ય પૂર્ણ થયા બાદ, પ્રથમ દિવસે મંદિર ચોકમાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાલિકા માતાજી મંદિર પાવાગઢ મંદિર ટ્રસ્ટ દ્વારા આયોજિત આ લોકાર્પણ વિધિમાં ચારેય વેદોના આચાર્ય બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે યજ્ઞશાળાના લોકાર્પણની વિધિવત શરૂઆત કરવામાં આવી. કાર્યક્રમ દરમિયાન ગણેશ યજ્ઞ, યંત્ર પૂજા તથા ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પ્રસંગે જગતગુરુ અવિચલદાસજી મહારાજના આશીર્વચન પ્રાપ્ત થયા હતા. ઉપરાંત પંચમહાલ જિલ્લાના કલેક્ટર, જિલ્લા પોલીસવડા, સંસ્થાના અધ્યક્ષ સુરેન્દ્રકાકા, મંત્રી અશોકભાઈ પંડ્યા તેમજ કાલિકા માતાજી મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

# કાલોલના રામનાથ ગામે બેફામ ગેરકાયદેસર રેતી ખનન : તંત્ર મૌન



(પ્રતિનિધિ) કાલોલ, તા.9

કાલોલ પંથકમાં ગેરકાયદેસર રીતે રેતી ખનનની પ્રવૃત્તિઓ બેફામ બની ગઈ છે. કાલોલના રામનાથ ગામે આજે ખુલ્લેઆમ નદીના મધ્યમાંથી રેતી ખનન કરવામાં આવતું હોવાનું સામે આવ્યું છે. જાગૃત નાગરિક દ્વારા આ બાબતે સંબંધિત તંત્રને જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ પણ અધિકારી સ્થળ પર ફરક્યો નથી અને કોઈ પ્રકારની કાર્યવાહી કરવામાં આવી નથી.

પ્રાપ્ત માહિતી મુજબ, રામનાથ ગામે રેતી ખનન કરતા માફિયાઓનો જાગૃત નાગરિકે વિડિઓ બનાવી અધિકારીઓને મોકલ્યો હતો. વાયરલ થયેલા આ વિડિઓમાં સ્પષ્ટ રીતે બે ટ્રેક્ટર નદીમાંથી રેતી ભરતા નજરે પડે છે. આ વિડિઓ સોશિયલ મીડિયા પર પણ ભારે ચર્ચાનો વિષય બન્યો છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં રેતી ખનન માફિયાઓ દ્વારા ‘પુષ્પા’ ફિલ્મનો ડાયલોગ લગાવી ખનન કરતા હોવાનો વિડિઓ બનાવી પોતાના સ્ટેટ્સ પર પોસ્ટ કરવામાં આવ્યો હતો, જે વીડિયો પણ ખૂબ જ વાયરલ થયો હતો. તેમ છતાં આવા માફિયાઓ સામે આજદિન સુધી કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવી ન હોવાના કારણે ગેરકાયદેસર પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળતું હોવાનું સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

સતત ફરિયાદો અને પુરાવાઓ છતાં તંત્રની નિષ્ક્રિયતા સામે હવે અનેક પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. રામનાથ ગામના જાગૃત નાગરિકની હાકલ સાંભળી કોઈ જવાબદાર અધિકારીઓ કાર્યવાહી કરશે કે કેમ તે ચર્ચાનો વિષય બન્યો છે.

# પંચમહાલના નદીસરના ખેડૂતની પ્રેરણાદાયી બની પ્રાકૃતિક કૃષિ

**“ખેડૂત ધારે** તો ધરતીને ફરી સોનું આપતી બનાવી શકે છે.” – પ્રવીણભાઈ



(પ્રતિનિધિ) ગોધરા, તા.9

ખેતી માત્ર પેટ ભરવાનું સાધન નથી, પરંતુ સમાજને સ્વાસ્થ્ય પીરસવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે. આ વિચારને પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર ગામના સાધારણ પરંતુ દ્રઢ સંકલ્પી ખેડૂત પ્રવીણભાઈ માછીએ પોતાના કાર્ય દ્વારા સાબિત કરી બતાવ્યો છે. જ્યારે આજના સમયમાં વધતા રાસાયણિક વપરાશે જમીન અને માનવ સ્વાસ્થ્ય બંનેને જોખમમાં મૂક્યા છે, ત્યારે પ્રવીણભાઈએ પ્રાકૃતિક ખેતી અપનાવી એક નવી દિશા દર્શાવી છે.

વર્ષ 2020 સુધી પ્રવીણભાઈ પણ અન્ય ખેડૂતોની જેમ પરંપરાગત રાસાયણિક ખેતી કરતા હતા. મોંઘા બિયારણ, રાસાયણિક ખાતર અને જંતુનાશક દવાઓ પાછળ દર વર્ષે રૂ. 40,000 થી વધુ ખર્ચ થતો હતો. ખર્ચ વધતો જતો હતો, જ્યારે જમીનની ફળદ્રુપતા સતત ઘટતી જઈ રહી હતી. આ સમયમાં તેમણે સરકારના ‘આત્મા’ (ATMA) પ્રોજેક્ટ હેઠળ પ્રાકૃતિક ખેતીની તાલીમ લીધી, જેણે તેમની વિચારધારા સંપૂર્ણપણે બદલી નાંખી છે.

પ્રાકૃતિક ખેતી તરફ પગલું ભરી, પ્રવીણભાઈએ ગાયના છાણ, ગૌમૂત્ર, ગોળ અને બેસન જેવા કુદરતી ઘટકોમાંથી જીવામૃત અને ઘનજીવામૃત બનાવવાનું શરૂ કર્યું. પરિણામે હવે તેમને બજારમાંથી મોંઘા ખાતર કે દવાઓ ખરીદવાની જરૂર નથી. કુદરતી ખાતરના ઉપયોગથી જમીનમાં અળસિયા અને સૂક્ષ્મ પોષક તત્વો વધ્યા, જમીન પોચી બની અને તેની ફળદ્રુપતા નોંધપાત્ર રીતે વધી. આજે પ્રવીણભાઈના ખેતરમાં માત્ર એક જ પાક નહીં, પરંતુ ઘઉં તેમજ વિવિધ શાકભાજી જેવા મિશ્ર પાકો લહેરાઈ રહ્યા છે.

### કાલોલ નગરમાં ભવ્ય જૂલુસનું આયોજન કરાયું



**કાલોલ,** કાલોલ શહેરમાં નુરાની ચોક પ્રાંગણમાં ઈસ્લામ ધર્મના ચોથા ખલીફા હઝરત સૈયદ મૌલા અલી મૂશ્કીલ કુશા રદી અલ્લાહુ અનહુ નાં જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં પયગંબર સાહેબના દામાદે હઝરત સૈયદના મોલા અલી ના જન્મોત્સવ નિમિત્તે પંઝેતની ફ્રેન્ડ સર્કલ (રોયલ ગ્રુપ) દ્વારા આયોજીત જુલુસ તેમજ વાયઝ શરીફના પ્રોગ્રામમાં રીફાઇ મોટી ગાદીના ધર્મગુરુ હઝરત સૈયદ ગૌસુદ્દીન શાહ રીફાઈ અને હઝરત સૈયદ વઝીહુદ્દીન શાહ રીફાઇ સાહેબની પ્રેરક ઉપસ્થિતિ વચ્ચે ભવ્ય આયોજન કરાયું હતું.

# ગરબાડા : સ્વિફ્ટ કારમાંથી 90 હજારનો દારૂ ઝડપાયો

**ગરબાડા વિસ્તારમાં** LCBની કાર્યવાહી : ગોધરાનો આરોપી ઝડપાયો

(પ્રતિનિધિ) ગરબાડા, તા.9

દાહોદ જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચે દારૂબંધી કાયદાના ભંગ સામે વધુ એક સફળ કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ એલ.સી.બી.ની ટીમ ગરબાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે મધ્ય પ્રદેશના સેજાવાડા ખાતેથી એક સ્વિફ્ટ કારમાં ભારતીય બનાવટનો વિદેશી દારૂ ભરી ગુજરાતમાં લાવવામાં આવી રહ્યો છે.

મળેલ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમે વોચ ગોઠવી સ્વિફ્ટ કાર નંબર GJ-12-FE-1902ને અટકાવી તપાસ કરતા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ તેમજ ટીન બિયરનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

પોલીસે કાર ચલાવી રહેલા ગોધરા તાલુકાના ગોલ્લાવ ગામના ગાયત્રી ફળિયામાં રહેતા સંજય મંગળભાઈ પટેલને ઝડપી લીધો હતો. આરોપી પાસેથી કુલ 17 પેટીમાં 474 નંગ બોટલો કિંમત રૂપિયા 90,060, દારૂ હેરાફેરીમાં ઉપયોગમાં લેવાયેલી કાર કિંમત રૂપિયા 5 લાખ તેમજ મોબાઈલ ફોન કિંમત રૂપિયા 5 હજાર મળી કુલ રૂ. 5,95,060નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. દાહોદ લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપી વિરુદ્ધ દારૂબંધી કાયદા હેઠળ ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.